| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBH030123272024 | | દાખલ તારીખ: | ૧૦ | ૧૨ | ૨૦૨૪ |
| | | નિકાલ તારીખ: | ૦૬ | ૦૮ | ૨૦૨૬ |
| | सत्यमेव जयते | સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૭ | ૨૭ |

**<u>મે. અંકલેશ્વરના ત્રીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અંકલેશ્વર જી. ભરૂચ.</u>**

**ફોજદારી કેસ નં. ૬૦૭૮/૨૦૨૪**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**<u>વિરુદધ</u>**

**આરોપી:–** **રોહીતભાઈ મગનભાઈ પઢીયાર**

રહે. નવા વાડીયા, દહેજ, તા. વાગરા,

જી. ભરૂચ.

**ગુનો :– બી.એન.એસ.ની કલમ– ૨૮૧,૧૨૫(એ) (બી), ૧૦૬ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪**

| | |
|---|---|
| ફરીયાદી તરફે વકીલ શ્રી:– | વિધ્વાન એ.પી.પી.શ્રી. કે.એમ.દેસાઈ |
| આરોપી તરફે વકીલ શ્રી :– | વિધ્વાન વકીલ શ્રી એ.બી. સુરતી |

## :– ચુકાદો :–

**<u>કેસની ટુંકી વિગત:–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પ્રવિણભાઈ સોનીયાભાઈ વસાવા નાઓએ ગઈ તા. ૦૭/૦૭/૨૦૨૪ના રોજ સાહેદ કમલેશભાઈ લવઘણભાઈ વસાવાની હોંડા સાઈન મોટર સાયકલ નં. GJ–16–DM–2769 ની શાકભાજી લેવા માટે અંકલેશ્વર જવા માગે માગી લાવી ફરીયાદીએ પોતાના ઘરના આગળ પાર્ક કરી રાખેલ અને ત્યારબાદ તેઓ નહાવા ગયેલા દરમ્યાન ફરીયાદીનો છોકરો મરણ જનાર સાહેદ આશીષભાઈ ઉ.વ.આ ૧૭ તેના મિત્રો સાહેદ જયકુમાર વિનોદભાઈ વસાવા તથા આકાશભાઈ નરેશભાઈ વસાવા સાથે પોતે મો.સા. હંકારી અંદાડા જવા નીકળેલ દરમિયાન તા. ૦૭/૦૭/૨૦૨૪ના આશરે કલાક ૧૧/૦૦ વાગ્યાના અરસામાં મોજે અંદાડા– માંડવા રોડ ઉપર નવા કાસીયા ગામના પાટીયા કોસ કરી અંદાડા માડવા રોડ ઉપર જતા દરમિયાન આ કામના તહોમદાર સુઝુકી કપંનીની ગ્રાંડ વિટારા ફોરવ્હીલ કાર રજી. નં. GJ–16–DK–8316 ના ચાલક રોહીતભાઈ મગનભાઈ પઢીયારે તેના કબજામાની ફોરવ્હીલ કાર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અંદાડાથી માંડવા કબજામાની મો.સા. સાથે અથડાવી અકસ્માત કરી ભોગ બનનાર આશીષ ઉ.વ. ૧૭ને માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે સાધારણ ઈજાઓ કરી તથા મો.સા. પાછળ બેસેલ સાહેદોને સાધારણ ઈજાઓ પહોંચાડી તેમજ ઈજા પામનાર આશીષભાઈ પ્રવિણભાઈ વસાવા નાઓનુ વધુ સારવાર દરમ્યાન પદ્યસિધ્ધા હેલ્થકેર ખાતે. તા. ૧૭/૦૭/૨૦૨૪ના કલાક ૨૧/૩૦ વાગ્યાના અરસામાં મોત નિપજાવી, બી.એન.એસ.ની કલમ– બી.એન.એસ.ની કલમ– ૨૮૧,૧૨૫(એ) (બી), ૧૦૬ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુદધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુના સબબ હાલનુ ચાર્જશીટ દાખલ

કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી સામે ઉપરોકત ગુનાનુ સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ- ૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીની આંક-૦૪થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**:- મૌખિક પુરાવા :-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી પ્રવિણભાઈ સોનીયાભાઈ વસાવાની જુબાની | ૦૭ |
| ૨. | સાહેદ આકાશકુમાર નરેશભાઈ વસાવાની જુબાની | ૦૯ |

**:-દસ્તાવેજી પુરાવા :-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૮ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |
| ૩. | મરણોતર પંચનામુ | ૧૧ |
| ૪. | પી.એમ.રીપોર્ટ | ૧૨ |
| ૫. | પી.એમ.રીપોર્ટ | ૧૩ |
| ૬. | કલોઝીંગ પુરસીસ | ૧૪ |

**(૪)** ઉપરોકત મુજબનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક-૧૪થી પુરાવો પુરો થયાનુ જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ

પુરાવા અન્વયે આરોપીનુ બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાઈ આવતો હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ વિશેષમાં જણાવેલ છે કે અમોએ કહેવાતો કોઇપણ ગુનો કરેલ નથી અમો પર ખોટુ ચાર્જશીટ કરી અટક કરી અમો વિરુદધ ગુનો ઉપજાવી કાઢી ખોટો કેસ કરેલ છે. અમો બાલ બચ્ચાવાળા એકમાત્ર ઘરનુ ભરણપોષણ કરનાર વ્યકિત છીએ અમો ઉપર તમામ જવાબદારી રહેલ છે જેથી સદર કામે અમોને કેસ મુકત કરવા દોષ મુકત કરવા છોડી મુકવા ઘણી નમ્ર વિનંતી છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે:–

**:– મુદાઓ:–**

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શકપણે સાબીત કરે છે કે, આ કામના ફરીયાદી પ્રવિણભાઈ સોનીયાભાઈ વસાવા નાઓએ ગઇ તા. ૦૭/૦૭/૨૦૨૪ના રોજ સાહેદ કમલેશભાઈ લવઘણભાઈ વસાવાની હોંડા સાઈન મોટર સાયકલ નં. GJ–16–DM–2769 ની શાકભાજી લેવા માટે અંકલેશ્વર જવા માગે માગી લાવી ફરીયાદીએ પોતાના ઘરના આગળ પાર્ક કરી રાખેલ અને ત્યારબાદ તેઓ નહાવા ગયેલા દરમ્યાન ફરીયાદીનો છોકરો મરણ જનાર સાહેદ આશીષભાઈ ઉ.વ.આ ૧૭ તેના મિત્રો સાહેદ જયકુમાર વિનોદભાઈ વસાવા તથા આકાશભાઈ નરેશભાઈ વસાવા સાથે પોતે મો.સા. હંકારી અંદાડા જવા નીકળેલ દરમિયાન તા. ૦૭/૦૭/૨૦૨૪ના આશરે કલાક ૧૧/૦૦ વાગ્યાના અરસામાં મોજે અંદાડા– માંડવા રોડ ઉપર નવા કાસીયા ગામના પાટીયા કોસ કરી અંદાડા માડવા રોડ ઉપર જતા દરમિયાન આ કામના તહોમદાર સુઝુકી કપંનીની ગ્રાંડ વિટારા ફોરવ્હીલ કાર રજી. નં. GJ–16–DK–8316 ના ચાલક રોહીતભાઈ મગનભાઈ પઢીયારે તેના કબજામાની ફોરવ્હીલ કાર પુર ઝડપે અને ગફલતભરી

રીતે હંકારી અંદાડાથી માંડવા કબજામાની મો.સા. સાથે અથડાવી અકસ્માત કરી ભોગ બનનાર આશીષ ઉ.વ. ૧૭ને માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે સાધારણ ઈજાઓ કરી તથા મો.સા. પાછળ બેસેલ સાહેદોને સાધારણ ઈજાઓ પહોંચાડી તેમજ ઈજા પામનાર આશીષભાઈ પ્રવિણભાઈ વસાવા નાઓનુ વધુ સારવાર દરમ્યાન પદ્યસિધ્ધા હેલ્થકેર ખાતે. તા. ૧૭/૦૭/૨૦૨૪ના કલાક ૨૧/૩૦ વાગ્યાના અરસામાં મોત નિપજાવી, બી.એન.એસ.ની કલમ- ૨૮૧, ૧૨૫(એ) (બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય,આ કામના ફરીયાદી પ્રવિણભાઈ સોનીયાભાઈ વસાવા નાઓએ ગઈ તા. ૦૭/૦૭/૨૦૨૪ના રોજ સાહેદ કમલેશભાઈ લવઘણભાઈ વસાવાની હોંડા સાઈન મોટર સાયકલ નં. GJ-16-DM-2769 ની શાકભાજી લેવા માટે અંકલેશ્વર જવા માગે માગી લાવી ફરીયાદીએ પોતાના ઘરના આગળ પાર્ક કરી રાખેલ અને ત્યારબાદ તેઓ નહાવા ગયેલા દરમ્યાન ફરીયાદીનો છોકરો મરણ જનાર સાહેદ આશીષભાઈ ઉ.વ.આ ૧૭ તેના મિત્રો સાહેદ જયકુમાર વિનોદભાઈ વસાવા તથા આકાશભાઈ નરેશભાઈ વસાવા સાથે પોતે મો.સા. હંકારી અંદાડા જવા નીકળેલ દરમિયાન તા. ૦૭/૦૭/૨૦૨૪ના આશરે કલાક ૧૧/૦૦ વાગ્યાના અરસામાં મોજે અંદાડા- માંડવા રોડ ઉપર નવા કાસીયા ગામના પાટીયા કોસ કરી અંદાડા માડવા રોડ ઉપર જતા દરમિયાન આ કામના તહોમદાર સુઝુકી કપંનીની ગ્રાંડ વિટારા ફોરવ્હીલ કાર રજી. નં. GJ-16-DK-8316 ના ચાલક રોહીતભાઈ મગનભાઈ પઢીયારે તેના કબજામાની ફોરવ્હીલ કાર પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી અંદાડાથી માંડવા કબજામાની મો.સા. સાથે અથડાવી અકસ્માત કરી ભોગ બનનાર આશીષ ઉ.વ. ૧૭ને માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે સાધારણ ઈજાઓ કરી તથા મો.સા. પાછળ બેસેલ સાહેદોને સાધારણ ઈજાઓ પહોંચાડી તેમજ ઈજા પામનાર આશીષભાઈ પ્રવિણભાઈ વસાવા નાઓનુ વધુ સારવાર દરમ્યાન પદ્યસિધ્ધા હેલ્થકેર ખાતે. તા. ૧૭/૦૭/૨૦૨૪ના કલાક ૨૧/૩૦ વાગ્યાના અરસામાં મોત નિપજાવી,

બી.એન.એસ.ની કલમ– ૨૮૧,૧૨૫(એ) (બી), ૧૦૬ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ ?

(૨) શુ હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારો કારણો નીચે મુજબ છે.:

**:– કારણો :**

**મુદા નં.૧ :–**

**(૮)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિદધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદો્ષ છે તે રીતે અનુમાન કરવુ જોઇએ. વધુમાં, ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઇએ.

**(૯)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૭થી ફરીયાદી ફરીયાદી પ્રવિણભાઈ સોનીયાભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તારીખ ૦૭/૦૭૪/૨૦૨૪ના રોજ કાસીયા બસ સ્ટેન્ડની બાજુમાં સવારે આશરે ૧૦:૩૦ વાગે બનેલો. બનાવના દિવસે હુ મારા ઘરે હતો ત્યારે મને એક છોકરો કહેવા આવેલો કે તમારા દીકરા આશીષને અકસ્માત થયો છે. હુ મારી પત્ની સાથે બનાવવાળી જગ્યાએ ગયેલો ત્યારે મારા દીકરાને અકસ્માત થયેલ હોય તે બેભાન અવસ્થામાં નીચે પડેલો હતો અને માથાના ભાગે વાગેલુ હતુ. ત્યાં આગળ એક મોટર સાયકલ પડેલુ હતુ અને એક ફોર વ્હીલ ગાડી પણ પડેલી હતી. આ મોટર સાયકલ મારા મિત્ર કમલેશભાઈની હતી. તે મોટર સાયકલ હુ મારા કામ માટે લાવેલ હતો અને આ છોકરો તે મોટર

સાયકલ લઈને જતો રહયો હતો. હુ બનાવની જગ્યાએ ગયો ત્યારે મારા ગામના સરપંચ કીરણભાઈ હતાં અને ત્યાં એક મારા ગામનો એક બીજો જય નામનો છોકરો હતો અને એક બીજો છોકરો હતો. ત્યારે જયએ જણાવેલ કે, હુ આશીષ અને એક બીજો છોકરો બાઇક લઈને નવા કાસીયાથી નીકળતા મેન રોડ ઉપર એક ફોર વ્હીલ ગાડી આવીને મોટર સાયકલને અકસ્માત કરતા બધા નીચે પડી ગયા. આ અકસ્માતમાં મારા દિકરા સિવાય બીજા કોઈને વાગેલ નથી. આ અકસ્માત થતાં મારા દિકરા આશીષને એમ્બ્યુલન્સમાં જયાબેન મોદી હોસ્પીટલમાં લઈ ગયેલા. ત્યારબાદ મારો દિકરો હોસ્પીટલમાં દસએક દિવસ સારવાર હેઠળ રહેલો અને ત્યારબાદ મરણ પામેલો. અકસ્માત કરનાર વ્યકિતનુ નામ અમારા ગામના સરપંચે પુછેલુ અને તેમણે જણાવેલુ કે રોહીતભાઈ મગનભાઈ પઢીયાર રહે. દહેજ જી. ભરૂચ હોવાનુ જણાવેલ. તે બાબતની ફરીયાદ મે આપેલી. મને કોર્ટના રેકર્ડમાંથી ફરીયાદની ખરી નકલ બતાવતા તેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક-૦૮ આપવામાં આવે છે. અકસ્માત કરનાર આરોપીને જોયેથી ઓળખુ છુ. જે આજ રોજ કોર્ટમાં હાજર નથી. ઓળખ બાબતે બચાવપક્ષ તરફે કોઈ તકરાર નથી.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે કહેવાતો બનાવ કેવી રીતે બનેલ તે મે નજરે જોયેલ નથી એટલે બનાવ કેવી રીતે બનેલો તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવની હકીકત મે ત્રાહીત વ્યકિતઓ પાસેથી જાણેલી.

**(૧૦)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક-૦૯થી સાહેદ આકાશકુમાર નરેશભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ સવારના અગીયારેક વાગે કાંસીયા ગામના વડવાળા સ્ટેન્ડ પરથી અંદાડા તરફના મેન રોડ ઉપર ચડવા જતા બનેલો બનાવ વખતે મારા મિત્ર આશીષ તેનુ મો.સા. લઈને આવતા હુ અને જય તેની મો. સા. પર બેસીને જતા હતા ત્યારે એક ફોરવ્હીલ ગાડીએ એક

ટેમ્પોને બચાવવા જતા અમો બેઠેલા મો. સા. ને ટકકર મારેલી. જે અકસ્માત થતા મને અને જય વસાવાને મુંઢ માર વાગેલો અને આશીષને વધારે વાગી જવાથી તેનુ સારવાર દરમ્યાન મરણ થયેલુ. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો અને આશીષભાઈના પિતાની ફરીયાદ લખેલી..

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે, અમારે સમાધાન થઇ ગયેલ છે. એ વાત ખરી છે કે જય વસાવા સાથે પણ સમાધાન થઇ ગયેલ છે.

**પુરાવાનુ પૃથ્થકરણ:–**

**(૧૧)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખિક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૦૭થી તપાસેલ ફરીયાદી અકસ્માતનો બનાવ કઇ રીતે અને કેવી રીતે બનેલો તેમ જણાવે છે અને કહેવાતા બનાવના અકસ્માતમાં સારવાર દરમ્યાન ફરીયાદીનો દિકરો આશીષભાઈ મરણ ગયેલ હોવાનુ જણાવે છે કહેવાતો બનાવ કેવી રીતે બનેલો તે તેઓએ નજરે જોયેલ ન હોવાથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહી.તેમજ કહેવાતા બનાવની હકીકત તેઓએ ત્રાહીત વ્યકિત પાસેથી જાણેલી હોવાનુ જણાવે છે. તેમજ વધુમાં, આંક–૦૯થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓને સમાધાન થઇ ગયેલ હોવાનુ જણાવે છે. તેમજ જય વસાવા સાથે પણ સમાધાન થઇ ગયેલ હોવાનુ જણાવે છે. વધુ કોઇ સાક્ષી પુરાવા તપાસવા નથી તે અંગે અલગથી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ હોવાની હકીકત સ્વીકારે છે. ફરીયાદી તથા સાહેદની જુબાનીમાં આ અકસ્માતનો બનાવ કઇ રીતે અને કોની બેદરકારીને કારણે બનેલો ? અકસ્માત બન્યો ત્યારે વાહનની ગતી શુ હતી? અકસ્માતનો બનાવ ચોકકસ કઇ રીતે બન્યો ? તે માહેની એક પણ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદપક્ષ બહાર લાવી શકેલ નથી ત્યારે સાહેદોની જુબાની ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી તેમ કહી શકાય. આ સીવાય આંક–

૧૦થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક–૧૧થી મરણોતર પંચનામુ તેમજ આંક–૧૨ અને ૧૩થી મરણ જનારનુ પી.એ રીપોર્ટ બચાવપક્ષે કબુલ રાખેલ છે. પરંતુ આ કામે આ મરણ જનારનુ પીએમ કરનાર ડો.શ્રીને ફરીયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ નથી.

આમ, સમગ્ર ચર્ચા ધ્યાને લેતા અકસ્માતનો બનાવ બનેલાનુ ફરીયાદપક્ષ સાબીત કરવામાં સફળ રહેલા છે. પરંતુ અકસ્માતમાં કોની બેદરકારી હતી ? અકસ્માતના બનાવમાં કયુ વાહન કોણ ચલાવતુ હતુ ? તેમજ તે વાહનની સ્પીડ કેવી હતી ? તે બાબત ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે ફરીયાદ સાબીત થતી નથી તેમ કહી શકાય, એ ખરુ કે આ કામે ઈન્કવેસ્ટ પંચનામુ અને મરણ જનારનુ પી.એમ રીપોર્ટ બચાવપક્ષે કબુલ રાખેલા છે. ઉપરોકત વિગતે સાહેદો જણાવે છે તે મુજબ ફરીયાદ મુજબનો અકસ્માતનો બનાવ આરોપીની બેદરકારીના લીધે બનવા પામેલ નથી. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો, સદર કામે અકસ્માતનો બનાવ બનેલ હોવાનુ ફલીત થાય છે પરંતુ સદર કામે આરોપીની બેદરકારી અને ગફલતના કારણે બનેલ હોવાનુ ફરીયાદપક્ષ નિ:શકપણે સાબીત કરી શકેલ નથી. બી.એન.એસ.ની કલમ– ૨૮૧,૧૨૫(એ) (બી), ૧૦૬ તથા એમ.વી.એકટ કલમ– ૧૭૭,૧૮૪ મુજબનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ દવારા એ હકીકત નિ:શકણે પુરવાર કરવી પડે આરોપી પોતાના કબજામાનુ વાહન જાહેર રસ્તા ઉપર ચલાવતા હતા અને તે વાહન બેફામપણે અથવા બેદરકારીપૂર્વક ચલાવતા હતા અને જેના કારણે બહુજન સમુદાયની જીદગી ભયમાં મુકાય અથવા કોઈ વ્યકિતને વ્યથા અથવા હાની પહોચે અથવા મોત નીપજે તે રીતે ચલાવતા હતા તેવા આવશ્યક તત્વો ફરીયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરી શકેલ નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શકણણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપીને

ગુના સાથે સાંકળતો કોઇ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબદ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુનો આચરેલ હોય તેવુ અનુમાન થઇ શકે, જેથી ઉપર મુજબ મુદા નં.૧નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદા નં. ૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે. :-

**:- હુકમ:-**

(૧) આ કામના આરોપી **રોહીતભાઈ મગનભાઈ પઢીયાર** રહે. નવા વાડીયા, દહેજ, તા. વાગરા જી. ભરૂચ. નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ **બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૨૫(એ) (બી), ૧૦૬ તથા એમ.વી.એકટ કલમ- ૧૭૭,૧૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧(એ) અન્વય આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવા પુરસીસ આપવી અન્યથા નવા જામીન રજુ કરવા.

આ હુકમ આજ રોજ તારીખ ૦૬ માહે. ઓગષ્ટ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યા.

સ્થળ: અંકલેશ્વર

તારીખ:- ૦૬/૦૮/૨૦૨૬

**( વી.વી. શુકલા)**
**ત્રીજા એડી. ચીફ જયુ. મેજી.**
**અંકલેશ્વર**
**કોડ નં. જી.જે ૦૧૩૪૩**

(**STENO H.S. VALA**)

(**STENO H.S. VALA**)